# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 16-03-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ રાજ્યની છ વિધાનસભાની પેટા ચૂંટણી સહિત લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આજે બપોરે થશે.
- ✓ કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ગુજરાતને એક હજાર 97 કરોડ રૂપિયાના બે નવા પ્રોજેક્ટને મંજૂરી આપી છે.
- ✓ કેન્દ્ર સરકારે વિજયનગર-આંતરસુબા-રાષ્ટ્રીય ધોરીમાર્ગના માથાસુર રોડ વિભાગના મજબૂતીકરણ માટે 699 કરોડથી વધુ રકમ મંજૂર કરી છે.
- ✓ નાણામંત્રી કનુભાઇ દેસાઇએ વલસાડ તાલુકાના સરોધી અને વશીયરમાં 83 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રીજોનું લોકાર્પણ કર્યું.
- ✓ રાજ્યમાં ખોરાકનાં ઉત્પાદન સાથે સંકળાયેલ ફૂડ બિઝનેસ ઓપરેટરોએ તા. 31 મે 2024 સુધી વાર્ષિક રિટર્ન ભરવું ફરજીયાત બન્યું.
- ✓ નશાબંધી અને આબકારી વિભાગના નાણાં હવેથી ઓનલાઇન જમા થશે.

## PM Avas Yojna

આર્થિક રીતે નબળા લોકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અમદાવાદ શહેરના ગોતા, નરોડા અને હંસપુરા વિસ્તારમાં 2 બેડરૂમ, હોલ કિચનના EWS આવાસ યોજનાના મકાનોની જાહેરાત બહાર પાડવામાં આવી છે.

EWS આવાસ યોજનાના મકાનો મેળવવા માટે ફોર્મ ભરવાની શરૂઆત થઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પર હાઉસિંગ પ્રોજેક્ટના વિભાગમાં જઈ EWS એપ્લિકેશન ફોર્મ પર ક્લિક કરી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. 13 મે સુધી ફોર્મ ભરી શકાશે.

..................

## ECI--LOK-SABHA-POLLS

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આજે બપોરે ત્રણ વાગે કરવામાં આવશે.

નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે લોકસભાની સાથે સાથે ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત કેટલીક રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીના કાર્યક્રમોની જાહેરાત કરાશે.

ગુજરાતની છ વિધાનસભાની ખાલી પડેલી બેઠકો માટે પણ પેટા ચૂંટણીની પણ તારીખ જાહેર થશે. વર્ષ 2019માં લોકસભાની ચૂંટણી એપ્રિલ અને મે માં સાત તબક્કામાં યોજાઇ હતી. આ વર્ષે પણ લોકસભાની સામાન્ય ચૂંટણી એપ્રિલ અને મે મહિનામાં એકથી વધુ તબક્કામાં યોજાવાની સંભાવના છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની હજી સત્તાવાર જાહેરાત થઇ નથી, છતાં સત્તાધારી ભાજપે 267 ઉમેદવારોના નામની જ્યારે મુખ્ય વિપક્ષ કોંગ્રેસે 82 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

..................

## LOKSABHA- MATDAN JAGRUTI

લોકસભા ચૂંટણી સંદર્ભે ગાંધીનગર ખાતેથી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ તમામ જિલ્લા કલેકટરો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી વાતચીત કરી અને લોકસભા ચૂંટણી સંદર્ભની તૈયારી અંગે ચર્ચા અને જરૂરી માર્ગદર્શન આપ્યું. આ કોન્ફરન્સમાં તમામ જીલ્લાના કલેકટરો અને અધિકારીઓ જોડાયા હતા.

રાજ્યના વિવિધ જીલ્લામાં મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. કચ્છ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને જિલ્લાની વિવિધ સંસ્થાઓ સાથે બેઠક યોજાઇ.

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા ચૂંટણીકાર્ડ, મતદાર બુથ કેવી રીતે જાણી શકાય તે અંગે માહિતગાર કરાયા હતા.

પોરબંદર જીલ્લામાં જીલ્લા ચૂંટણી વિભાગ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ, મતદાન શપથ અને મતદાન નિર્દેશન કરાયું હતું.

તો ભાવનગર જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ માટેની વોકાથોન રેલી યોજાઇ હતી.

.................

## EVM, VVPT

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં 100 ટકા મતદાન થાય અને મતદારો મુક્ત, ન્યાયી અને નિર્ભય રીતે મતદાન કરી શકે તે હેતુથી ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ ઇવીએમ, વીવીપેટનું નિદર્શન અમદાવાદ જિલ્લામાં યોજવામાં આવ્યું હતું.

છેલ્લા બે મહિના દરમિયાન 30 સેન્ટરો પર 82 હજાર 363 જેટલા લોકોએ ઇવીએમ, વીવીપેટનું નિદર્શન નિહાળ્યું છે. 78 હજાર 432 જેટલા લોકોએ ઈવીએમ-વીવીપેટ નિદર્શન સ્થળે મોક વોટ આપીને પ્રત્યક્ષ નિદર્શનનો લાભ લીધો હતો.

અમદાવાદ શહેરમાં કલેક્ટર કચેરી સહિત જિલ્લાના કુલ 21 વિધાનસભા ક્ષેત્રોમાં આવેલ ચૂંટણી અધિકારીઓની કચેરીમાં ઇવીએમ – વીવીપેટનું નિદર્શન યોજાયું હતું. જે જે વિસ્તારમાં ઓછું મતદાન થતું હોય તેવા વિસ્તારોમાં મતદાન વધારવાના ભાગરૂપે ત્રણ જેટલા એલઈડી વાહનોમાં મોટા સ્ક્રીન પર ઇવીએમ વીવીપેટના વીડિયો દર્શાવવામાં આવ્યા હતા. મતદારોને અપીલ કરવા ચૂંટણી પંચે એક સંમેલન પણ અમદાવાદમાં યોજ્યું હતું.

.................

## LokSabhaa Election

લોકસભા સામાન્ય ચૂંટણી- 2024 સંદર્ભે અમદાવાદ જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ સ્વીપ એક્ટિવીટી અંતર્ગત અમદાવાદ જિલ્લામાં આવેલ અદાણી યુનિવર્સિટીમાં યુવા મતદારોની મતદાન જાગૃતિમાં સક્રિય ભાગીદારી વધે આ અંગેનો ઓરિએન્ટેશન કાર્યક્રમ તથા એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં હતા.

આ પ્રસંગે અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીના સ્વીપના નોડલ ઓફિસર ડો. યોગેશ આર પારેખ હાજર રહ્યા હતા. હાલ સુધીમાં અમદાવાદ જિલ્લાની 100થી વધુ શૈક્ષણીક સંસ્થાનોમાં મતદાન જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

.................

## Aap-Prachar

લોકસભાની સામાન્ય ચૂંટણી પહેલા તમામ રાજકીય પક્ષોએ પ્રચારના શ્રી ગણેશ કર્યા છે.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને રાજ્યમાં ચૂંટણીપ્રચાર કર્યો હતો. વડોદરા ખાતે પત્રકારો સાથે વાત કરી અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, આમ આદમી પાર્ટી લોકસભામાં બે બેઠકો પર ચૂંટણી લડી રહી છે. તેમણે જનતાને આપને જીતાડવા અને મત આપવા અપીલ કરી તેમણે જનતાની સમસ્યાઓ, શિક્ષણ, આરોગ્ય, સારવાર, રસ્તા, વીજળી અને પાણી માટે પના પાંચ ધારાસભ્યો કામ કરતા હોવાનું જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, આપના ઉમેદવારોને જીતાડશો તો રાજ્યની સમસ્યાઓ સંસદમાં ઉઠાવવામાં આવશે.

.................

## Kendra Guj Two Project

કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ગુજરાતને એક હજાર 97 કરોડ રૂપિયાના બે નવા પ્રોજેક્ટને મંજૂરી આપી છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.58 પર 398 કરોડ 40 લાખ રૂપિયાના ખર્ચે ધરોઈ ડેમ પાસે, સાબરમતી નદી પર નવો ચાર માર્ગી પુલ બનશે. રાજ્યના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 5 પર 699 કરોડ 79 લાખ રૂપિયાના ખર્ચે ખોખરા રાજસ્થાન સરહદથી વિજયનગર-આંતરસુધા-માથાસુર ચોકડી રસ્તાના પેવ્ડ શોલ્ડર સાથે હવે બે માર્ગી રસ્તાની કામગીરીને મંજૂરી મળી છે. ધરોઈ ડેમને વૈશ્વિક સ્તરના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની જોગવાઈ ધ્યાનમાં રાખીને નકશા – અંદાજ તૈયાર કરાયા છે. આ પુલ

ધરોઈને આસપાસના તારંગા, પોળો જંગલ અંબાજી જેવા પ્રવાસન – યાત્રાધામને જોડશે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં દેશમાં એક સાથે 19 રાજ્યોમાં 97 હજાર 328 કરોડ રૂપિયાના રોડ માળખાકીય વિકાસ કામોના લોકાર્પણ, ખાતમુહૂર્ત કર્યા હતા. જેમાં ગુજરાતને 1 હજાર 575 કરોડ રૂપિયાના 53 કિ.મી.ના ત્રણ કામોની ભેટ મળી છે.

કેન્દ્ર સરકારે છેલ્લા 10 વર્ષમાં રાજ્યમાં 66 હજાર 470 કરોડ રૂપિયાના 199 પ્રોજેક્ટ મંજૂર કર્યા છે.

..................

## NITIN GADKARI- ROAD UPGRADE

કેન્દ્ર સરકારે વિજયનગર-આંતરસુબા-રાષ્ટ્રીય ધોરીમાર્ગના માથાસુર રોડ વિભાગના મજબૂતીકરણ માટે 699 કરોડથી વધુ રકમ મંજૂર કરી છે.

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મિડિયાના માધ્યમથી આ જાહેરાત કરતાં જણાવ્યું કે, આ ધોરીમાર્ગ ગુજરાત અને રાજસ્થાનને જોડે છે અને અંબાજી મંદિર, ઉદયપુર, પોળો ફોરેસ્ટ અને અન્ય પુરાતત્વીય સ્મારકો અને વિવિધ પ્રવાસન સ્થળોને પણ જોડે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગના આ વિભાગને દ્વિમાર્ગીય કરાશે. આ પ્રોજેક્ટ સંબંધિત માર્ગ પરના નગર શહેરોને વધુ સારા સંપર્કની સુવિધા પૂરી પાડશે અને આ ક્ષેત્રમાં આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.

..................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

..................

## VALSAD- KANUBHAI DESAI

રાજ્યના નાણામંત્રી કનુભાઇ દેસાઇએ વલસાડ તાલુકાના સરોધી અને વશીયરમાં 83 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત રેલવે ઓવરબ્રીજોનું લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે મંત્રીશ્રી દેસાઈએ કહ્યું કે, દેશમાં ગતિશક્તિ યોજના હેઠળ અનેક વિકાસના કામો ગતિથી થઈ રહ્યા છે અને રોડ અને પોર્ટની કનેક્ટિવિટી વધી રહી છે. આ યોજના હેઠળ દરિયાકિનારા વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિ વધતાં રોજગારીમાં વધારો થયો છે.

અમારા વલસાડના પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, સરોધી અને વશિયર રેલવે ઓવરબ્રીજ બનવાથી સરોધી, કાંપરી, ચીખલા, લીલાપોર, તિથલ, સેગવી અને મગોદ સહિતના ગામોના લોકોને અવરજવરમાં સરળતા રહેશે તેમજ સમય તથા ઈંધણની બચત થશે તથા ટ્રાફિક સમસ્યાનું પણ નિરાકરણ થશે.

.................

## FOOD AND DRUGS DEP.

રાજ્યમાં ખોરાકનાં ઉત્પાદન સાથે સંકળાયેલ ફૂડ બિઝનેસ ઓપરેટરોએ તા. ૩૧ મે ૨૦૨૪ સુધી વાર્ષિક રિટર્ન ભરવું ફરજીયાત છે.

ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના ખોરાકનાં ઉત્પાદન સાથે સંકળાયેલ ઉત્પાદક, રિપેકર્સ, રિલેબલર્સએ તા.૩૧ મે, ૨૦૨૪ સુધીમાં ફોર્મ- ડી-૧માં વાર્ષિક રિટર્ન ભરવું ફરજિયાત છે. ખાધ પદાર્થ ઉત્પાદનકર્તાઓ https://foscos.fssai.gov.in/ વેબસાઈટ પર પોતના લાયસન્સ નંબર દ્વારા લોગ-ઈન કરી વાર્ષિક રિટર્ન ભરી શકશે. આ ઉપરાંત ખાધપદાર્થનાં વેચાણ માટેનાં ડિસ્ટ્રીબ્યુટર, સપ્લાયર, રિટેઈલર, હોલસેલર, સંગ્રહકર્તા, ટ્રાન્સપોર્ટરને વાર્ષિક રિટર્ન ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

શ્રી કોશિયાએ વધુમાં જણાવ્યું છે કે, તા. ૩૧ મે બાદ તમામ ખાધ પદાર્થ ઉત્પાદનકર્તાઓએ પ્રતિ દિન

રૂ. ૧૦૦/- પેનલ્ટી ભરી વાર્ષિક રીટર્ન ભરી શકાશે. તમામ વેચાણકર્તાઓને પેનલ્ટી ન ભરવી પડે તે હેતુથી સમયસર વાર્ષિક રિટર્ન ભરી શકાય તે માટે તંત્ર દ્વારા દર વર્ષની ૩૧ મે સુધીમાં રિટર્ન ભરવા તાકિદ કરવામાં આવે છે.

.................

## Success story

ખેતી પર નિર્ભર એવા ભારત દેશ માટે ખેતીને વધુને વધુ સરળ અને આધુનિક બનાવવાને માટે અનેકવિધ સંશોધનો થતા રહ્યા છે.

આ પૈકી તાપી જિલ્લા માં સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર એ 2022 ના વર્ષમાં નવી ટેક્નોલોજી વિક્શાવી છે, જે ગુજરાતભરમાં પ્રથમ માનવામાં આવે છે. સામાન્ય રીતે ક્યુઆર કોડ હવે બધીજ જગ્યાઓ પર જોવા મળતા હોય છે, જેને લઈ વ્યવહાર માં સરળતા અને પારદર્શિતાની સાથોસાથ સમયની પણ બચત થઇ રહી છે, ત્યારે તેનો આધાર લઇ તાપી જિલ્લા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને પણ ખેતી સાથે રહેલા વિવિધ પ્રશ્નો માટે સરળતા રહે, તેઓના સમયની બચતની સાથે તેમને આર્થિક રીતે પરવડી રહે તે ઉદેશ્યથી ક્યુઆર કોડ વિકસાવ્યા છે, જે તાપી જિલ્લામાં આવેલ 296 જેટલી ગ્રામ પંચાયતો પર રાખવામાં આવ્યા છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ને પણ પેપરલેસ કરી કામના ભારણ ને અંશતઃ ઓછું કરવામાં કારગત પુરવાર થઇ રહી છે... શું છે આ ક્યુઆર કોડની વિશેષતા ?, તેના શું છે ફાયદાઓ ? તે કઇ રીતે બનવવામાં આવ્યું અને કઈ રીતે કામ કરે છે ? જાણીયે તાપી જિલ્લા ના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી..

બાઈટ-1- ડો.અર્પિત ઢોડિયા (વૈજ્ઞાનિક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,તાપી)

.................

## NASHABADHI VIBHAG

**નશાબંધી અને આબકારી વિભાગના નાણાં હવેથી ઓનલાઇન જમા થશે.**

રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા આપેલ મંજુરી અંતર્ગત ગૃહ વિભાગ હસ્તકના નશાબંધી અને આબકારી વિભાગની વિવિધ પ્રકારની સેવાઓના સરકારી નાણાં ઓફલાઇન ચલણ દ્વારા જે તે અરજદારે બેંકમાં જાતે જમા કરાવવા જવુ પડતુ હતુ. પરંતુ રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર જનતા/ઉદ્યોગકારોને સરકારી નાણાની રકમ ઓફલાઇન બેન્કમાં જમા ન કરાવવી પડે તથા ઉદ્યોગકાર કે સેવા મેળવનાર વ્યક્તિ પોતાના બેંક ખાતામાંથી રાજ્ય સરકારની તિજોરીમાં જમા કરાવી શકે તેવો અભિગમ અપનાવતા નશાબંધી અને આબકારી વિભાગની તમામ સેવાઓના નાણા ઓનલાઇન

જમા કરાવી શકાય તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇઓનો અમલ આજથી કરવામાં આવે તે મુજબનુ આયોજન કરવામાં આવેલ છે, અરજદારો આ સેવાનો લાભ ૨૪X૭ મેળવી શકશે.

.................

## Nandkishen Dave Death

વઢવાણના પૂર્વ કોંગ્રેસના ધારાસભ્ય અને પીઢ રાજકારણી નંદકિશોરભાઈ દવેનું મુંબઈ ખાતે અવસાન થયું છે.

વર્ષોથી કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂકેલા નંદકિશોરભાઈ દવેના અવસાનથી પરિવારજનો અને જિલ્લા કોંગ્રેસના આગેવાનોમાં તેમજ ઝાલાવાડ પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે.

.................

## Purushotam Rupala

જસદણ તાલુકાના સાણથલી ગામે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરીઉદ્યોગ વિભાગના મંત્રી પુરુષોત્તમ રૂપાલાના હસ્તે નવનિર્મિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર(CHC)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા તેમજ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી  તથા  અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ માં શ્રી રૂપાલા એ  આરોગ્ય કેન્દ્રની વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

મંત્રીશ્રી પુરુષોત્તમ રૂપાલાએ આ પ્રસંગે દર્દીઓને વહેલા સાજા થઇને હસતા મુખે ઘરે જવાની શુભકામના પાઠવતાં લોકોને અવશ્ય મતદાન કરવા અનુરોધ કર્યો હતો મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ૩.૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૩૦ બેડના આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વિવિધ સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે, જેનાથી આસપાસના ગામોના દર્દીઓને ઘરઆંગણે જ શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ થશે.

.................